
# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ



૫૦ સુવર્ણ જયંતિ વર્ષ

તંત્રી :
વિરેન ધાં. ધોળકિયા
લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
વર્ષ :
ઓગષ્ટ થી જુલાઈ

## એકડો અને મીંડા

જયહિંદ

प्रભુ તું એકડો મોટો
ભલે મીંડા અમે નાના -
ભલે હિંમત બધી તારી, અમારી કઈ ગણના ના
પ્રથમ તું હોય પડખે તો, ગણતરી અમતણી થાતી
પરંતુ તુજ વિના જગમાં, ન કિંમત કોઈ અંકાતી
છતાં ભગવંત ભૂલીશના અમારો સાથ સારો છે
આપીશ સ્થાન બાજુમાં તો કિંમતમાં વધારો છે
હશે નાના ઘણા પડખે તો તુજ મોટાઈ દેખાશે
રહ્યો એકલો જો ઉભો તો મોટાઈ ઉડી જાશે
સૂણી વિનંતી અમારી આ પ્રભુ અમને સહારો દે
સહુ કહેશે બધા નાના તણો એ તારનારો છે
તરે છે લાકડું જળમાં સહજ એ નિયમ તમારો છે
ખબર છે એટલી 'ભગવંત' કે તું પત્થર તારનારો છે

રચના : સ્વ. ભગવંતરાય ધોળકીયા(જામનગર)
સંકલન : કામિનીબેન કે. ઝાલા 'કર્મયોગ',રાજકોટ.

लोकशाही जिंदाबाद

વર્ષ : ૫૦ અંક : ૬ | જાન્યુઆરી-૧૪

બરછી કાર્યાલય, C/O. ફાઇન આર્ટ પ્રિન્ટર્સ,
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ બિલ્ડીંગ, રાજકોટ - ૧.
ફોન : ૦૨૮૧ - ૨૪૫૩૦૬૩ મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫ Email : barchhi@rediffmail.com Web : www.barchhi.com

**સંસ્મરણો :**

# શાંતિભાઈનું યાહોમ...!

શાંતિલાલ મગનલાલ ધોળકિયા અનેક અર્થમાં 'સ્પોર્ટસમેન' તો હતા, ઉપરાંત બાળપણથી તેમનામાં પત્રકારત્વના ગુણ હતા. અંગ્રેજોના જમાનામાં શાતિભાઈ એજન્સીમાં 'નોકરી' કરતા. છતાં એ વખતે સમય મેળવીને હસ્તલિખિત સામયિકો પ્રગટ કરતા. એ મેગેઝીનોમાં એક 'યાહોમ' અને બીજું 'નવીન'. એ સામયિકોમાં બધી મેટર એટલે કે લેખો, માહિતી,વાર્તા,કાવ્યો બધું મેટર હાથે લખીને આખું મેગેઝીન પ્રગટ થતું અને કુટુંબીઓ,સગાસંબંધી,મિત્રોમાં ફરતું ફરતું વાંચવા જતું. એ જમાનામાં એમને પરિવારજનોનો ખુબ સહકાર અને પ્રોત્સાહન મળતાં.

શાંતિભાઈ 'યાહોમ' અને 'નવીન' નું સફળતાપૂર્વક સંપાદન અને સંચાલન કરી શકયા હતા. તે અનુભવ અને આત્મવિશ્વાસને કારણે શાંતિભાઈને વરસો પછી જ્ઞાતિનું મુખપત્ર 'કલમ કડછી બરછી' પ્રગટ કરવાની પ્રેરણા કદાચ મળી હશે.

શાંતિભાઈ એવા હિંમતવાળા હતા કે એજન્સીમાં 'નોકરી' કરતા હોવા છતાં 'યાહોમ'માં 'ક્રાંતિકારી' લેખો પ્રગટ કરતા. પરિવારમાં જેમનામાં લેખન કે ચિત્રકલામાં ટેલંટ હોય તેમની પાસે લેખન કે ચિત્રકામ 'યાહોમ' કે'નવીન' માટે કરાવતા. જેમકે શાંતિભાઈના નાના ભાઈ રણજીતભાઈ કોઈ વખત ચિત્રકામ કરી આપતા. એ જ રીતે શાંતિભાઈના ભાણેજો એટલે અમે શંભુભાઈ બૂચના પુત્રો હરિશભાઈ, લલિતભાઈ રમેશભાઈ એમ અમે બધા ભાઈઓ લેખો, માહિતી, પઝલ, ઉખાણા અને એ વખતે પણ કાર્ટૂન ચિત્રો 'યાહોમ' અને 'નવીન'માટે તૈયાર કરતા અને એ બધાનું તંત્રીમંડળ હતું. અમારા બાળપણમાં સારામામા(શાંતિભાઈ)નું પત્રકારત્વ ક્ષેત્રે પ્રોત્સાહન અને માર્ગદર્શન મળ્યું,તે પછી ખુબ ઉપયોગી થયું. અને આગળ જતાં બધા બૂચ ભાઈઓ મુંબઈમાં સ્થાયી થયા ત્યારે હરિશભાઈ પ્રતિષ્ઠિત સામાયિકોની તંત્રી તરીકેની જવાબદારી સંભાળી શકયા અને લલીતભાઈ તથા રમેશભાઈ એ કોમર્શીયલ આર્ટિસ્ટ-કાર્ટૂનિસ્ટ તરીકે નામના મેળવી. એનો જશ શાંતિભાઈને અને તેમના સામયિકો, 'યાહોમ' અને 'નવીન' ને જાય છે.

બીજી જાણવા જેવી હકીકત એ પણ છે કે હમણાંના વર્ષોમાં જાણીતા થયેલા ઓર્થોપેડીક સર્જન ડો. કે.ટી. ધોળકિયા નાનપણમાં રાજકોટની શાળામાં ભણતા ત્યારે તેમની પાસે શાંતિભાઈએ એક ટુંકી વાર્તા લખાવી હતી. કારણ કે.ટી. ધોળકિયાનું નામ કંદર્પકાન્ત હતું.

એ જમાનામાં કયા હસ્તલિખિત સામાયિકો શ્રેષ્ઠ વાંચન સામગ્રી આપે છે અને તે મેગેઝીન કેવું કલાત્મક છે તેની હરીફાઈ થતી. તેમાં 'યાહોમ' સામાયિકને પ્રથમ પારિતોષીક મળ્યું હતું. એ વખતે કવિ નર્મદે સૂત્ર આપ્યું હતું: 'યાહોમ કરીને પડો, ફતેહ છે આગે...'એ સૂત્ર પરથી શાંતિભાઈએ તેમના હસ્તલિખિત સામાયિકને નામ આપ્યું હતું....'યાહોમ' !

**- વિપીન એસ. બૂચ**

**(નોંધ :** હાલમાં 'બરછી' દર માસની આખર તારીખે પ્રગટ થાય છે તેથી બીજા માસની ૫ તારીખ આસપાસ મળવું જોઈએ. જો કે તે ટપાલી અને ટપાલ ખાતા ઉપર આધારિત છે. -તંત્રી.)

## સમસ્ત નાગરજ્ઞાતિ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ

સંસ્થા દ્વારા તા. ૨૯ ડીસેમ્બરના રોજ નાગર બોર્ડીંગના હોલમાં લોઅર કે. જી.થી ધો. ૧૨ સુધીના તેજસ્વી તારલાઓને પારિતોષીક વિતરણ કાર્યક્રમ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ વાલીઓની ઉપસ્થિતિમાં યોજાય ગયો. જેનું અતિથિ વિશેષ પદ રાજકોટના જાણીતા આર્કીટેકટ અને રામકૃષ્ણ આશ્રમ સાથે સંકળાયેલા શ્રી ગિરીશભાઈ મારૂએ શોભાવ્યું હતું. પ્રાર્થનાગીતથી કાર્યક્રમની શરૂઆત બાદ ૮૦% થી વધારે ગુણ મેળવેલ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને તેમજ વિકલાંગ બાળકોને તેઓના હસ્તે પારિતોષીક તેમજ સ્વામી વિવેકાનંદનો ફોટો એનાયત કરવામાં આવ્યાં હતાં. બાદમાં ટ્રસ્ટના પ્રમુખશ્રી મકરંદભાઈ વોરાએ ઉપસ્થિત સૌનું સ્વાગત કરી ટ્રસ્ટના હેતુઓ જણાવી અનુદાન આપવા વિનંતી કરી હતી. ત્યારબાદ પ્રાસંગિક પ્રવચનમાં શ્રી ગિરીશભાઈએ બાળકોને અભ્યાસમાં ખૂબ મહેનત કરવા અને સ્વામી વિવેકાનંદજીના જીવનમાંથી શીખ લેવા જણાવ્યું હતું.

કાર્યક્રમ સફળ બનાવવામાં ટ્રસ્ટીશ્રી કિરીટભાઈ હાથી, નલીનભાઈ વૈદ્ય, મધુકરભાઈ વૈશ્નવ, જલેન્દુ જોષીપુરા તેમજ કામિનીબેન ઝાલાએ જહેમત ઉઠાવી હતી.



## રમતવીર ઋત્વિક દિવાન

જૂનાગઢના અગ્રગણ્ય મહિલા કોર્પોરેટર શ્રીમતી સેજલબેન દિવાન અને સમીરભાઈ દિવાનના પુત્ર ઋત્વિક દિવાને તાજેતરમાં ગુજરાત ખેલ મહાકુંભમાં ૫૦ મીટર દોડ, ૧૦૦ મીટર દોડ અને ૨૦૦ મીટરની તરણ (સ્વીમીંગ) સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી નાગર જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. અભિનંદન.

## કુ. પ્રાચી વૈશ્નવ પસંદગી પામ્યાં



અમદાવાદ સ્થિત કુ. પ્રાચી ભરતભાઈ વૈશ્નવ પૂર્ણ શિષ્યવૃત્તિ મેળવી એમ.એસ.ના અભ્યાસાર્થે જર્મની ગયાં છે તેણી જર્મનીની પ્રસિધ્ધ યુરોપીયન એરોનોટીકલ ડીફેન્સ સીકયોરીટી સર્વિસમાં પ્રોજેકટ કરવા પસંદગી પામ્યાં.કુ. પ્રાચી ગં.સ્વ. ઉર્વશીબેન અને સ્વ. ગજેન્દ્રલાલ વૈશ્નવનાં પૌત્રી થાય.

## અ. ભા. નાગર પરિષદ, જૂનાગઢ

સંસ્થા દ્વારા તા. ૨૨/૧૨/૧૩ના રોજ અત્રેના હાટકેશ્વર મંદિર પરિસરમાં 'સિમ્પોઝીયમ' શૈક્ષણિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. જેમાં રેડિયોલોજિસ્ટ અને ગઝલકાર શ્રી ઉર્વીશભાઈ વસાવડા, એડવોકેટ શ્રી હરીશભાઈ દેસાઈ,પ્રફુલ્લભાઈ નાણાવટી, હેમંતભાઈ નાણાવટી, તથા ડો. મેઘલબેન ઝાલા દ્વારા આત્મમંથન અને પરિચર્ચા યોજવામાં આવેલ. જેનો બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ લાભ લીધો હતો. અલ્પાહારને અંતે કાર્યક્રમ પૂર્ણ થયો હતો. કાર્યકરોની જહેમતથી કાર્યક્રમ સફળ બની રહેલ.

આ ઉપરાંત શાખાના ઉપક્રમે સરખડીયા હનુમાનની જગ્યાએ શિયાળુ પ્રવાસનું આયોજન પણ થઈ ગયું. જેમાં બે બસ જેટલા સિનીયર સીટીઝન વડીલો આ પ્રવાસમાં જોડાયેલ. જુદી જુદી રમતો, ચા નાસ્તા અને જંગલમાં કાઠીયાવાડી ભોજનનો આનંદ લીધો હતો. બંને આયોજનમાં સર્વશ્રી પૂર્ણિમાબેન માંકડ, મધુભાઈ કિકાણી,ભાવનાબેન વૈશ્નવ, શૈલેષભાઈ વૈશ્નવ, જવલંતભાઈ વસાવડા, ઘર્મિશાબેન છાયા, બાબલીભાઈ વસાવડા, ભાવનાબેન કે. વૈશ્નવ, જીતુભાઈ ઝાલા વગેરેની જહેમતથી કાર્યક્રમો સફળ બની રહેલ.

## પ્રભુતામાં પગલાં :

અમદાવાદ સ્થિત શ્રીમતી માલિની તથા જયેન્દ્રભાઈ દિલીપરાય વસાવડાનાં પુત્રી મેશ્વાના લગ્ન વડોદરા સ્થિત શ્રીમતી વર્ષાબેન તથા મુનીન્દ્રભાઈ નીતિનભાઈ માંકડના પુત્ર મેજર હરીન સાથે.

અમદાવાદ સ્થિત શ્રીમતી શોભના તથા ભૂષણ ગૌતમરાય મજમુદારનાં પુત્રી નિરજાનાં લગ્ન મુંબઈ સ્થિત નિશ્ચલ રાણા સાથે.

અમદાવાદ સ્થિત શ્રીમતી ભાવના તથા યોગેશભાઈ કિશોરલાલ દેસાઈના પુત્ર ભવનના લગ્ન અમદાવાદ સ્થિત આજ્ઞા ઉપેન્દ્રભાઈ દેસાઈ સાથે.

રાજકોટ સ્થિત શ્રીમતી દિવ્યાબેન અને અવનીશભાઈ મણિકાંત ધોળકિયાનાં પુત્રી ખ્યાતિનાં લગ્ન ઉજ્જૈન સ્થિત શ્રીમતી અંજનાબેન મુકેશભાઈ વસાવડાના પુત્ર હાર્દિક સાથે.

રીલાયન્સ ટાઉનશીપ મોટી ખાવડી સ્થિત ઉદય રોમેશચંદ્ર છાયાનાં પુત્રી જિપ્શાના લગ્ન ભાવનગર સ્થિત શશાંકભાઈ સૂર્યકાંતભાઈ ઓઝાના પુત્ર કાંક્ષિત સાથે.

મૂળ રાજકોટના કેનેડા સ્થિત શ્રીમતી પલ્લવી તથા રાજેન દિલીપભાઈ ધોળકિયાના પુત્ર પાર્થના લગ્ન જામનગર સ્થિત કૈલાસભાઈ સનતભાઈ વસાવડાનાં પુત્રી દ્વિજા સાથે જામનગરની ઓશવાળ વાડી ખાતે ધામધૂમથી ઉજવાયાં. ભાઈ રાજેને સ્વ. મગનલાલ ગુલાબરાય ધોળકિયા(અમારા દાદા)ની ચોથી પેઢી સુધીના સભ્યોને તેમજ મોસાળ પક્ષના સમગ્ર વૈદ્ય પરિવારજનોને નિમંત્રીત કરતાં આ નિમિત્તે કુટુંબમેળો થયો. વર કન્યા પક્ષના વિશાળ પરિવાર સાથે, સુંદર સજાવટ, વિધવિધ નાસ્તા ભોજન નિવાસની ઉત્તમ વ્યવસ્થામાં બંને પક્ષે સાથે મળી પરંપરાગત પ્રસંગો યોજાયા.ગરબા સાથે કન્યા પક્ષના મોસાળ વૈશ્નવ પરિવારના સંતાનોના(દેશ વિદેશમાં ૪૦૦ શો રજૂ કરેલ છે તેવા) પ્રોફેશનલ ડાન્સીંગ ગ્રુપે અદભૂત ડાન્સ પરફોર્મ કરી જ્ઞાતિની નવી કલાની પરખ આપી સૌને ઝૂમાવ્યા હતા.

મૂળ જામનગરના અમેરીકા સ્થિત અશોક જયંતીલાલ બુચ અને શ્રીમતી ભાર્ગવી બુચના પુત્ર નીલના લગ્ન અમદાવાદ ખાતે ભદ્રાયુભાઈ અને શ્રીમતી ભાર્ગવી બક્ષીનાં પુત્રી ધ્વની સાથે ઉલ્લાસભેર ઉજવાયાં. સાથે નીલ અને નાના પુત્ર ચિરાગ (બુચ)ને પરંપરા જાળવી યજ્ઞોપવિત સંસ્કાર પણ અપાયા. જામનગર ખાતે સ્વ. જે. ડી. બુચ તથા મોસાળ બક્ષી પરિવારના સમગ્ર કુટુંબીજનો,મિત્રો શુભેચ્છકો માટે સત્કાર સમારંભ પણ યોજવામાં આવેલ.

-----મુંબઈ સ્થિત ચેતન શશકાંત ઓઝા તથા શ્રીમતી વૈશાલીબેનનાં પુત્રી કરીશ્માના લગ્ન મુંબઈ સ્થિત કમલેશભાઈ સત્યેન્દ્રરાય વ્હોરા તથા શ્રીમતી કોષાબેનના પુત્ર મન્મથ સાથે તા. ૨૩-૨૪ અને ૨૫ નવેમ્બર રોજ ભાવનગર પાસે વરતેજ ગામમાં તાજેતરમાંજ બનેલ હેલ્થ રીસોર્ટ -રંગોલી પાર્ક અને બીજી ૩૦૦ માણસોને રહેવાની વ્યવસ્થા કરી હતી. જ્યારે કમલેશભાઈએ પુત્રના લગ્ન માટે ભાવનગર ના ભૂતપુર્વ 'મહારાજા પેલેસ હોટલ' ભાડે રાખી હતી. નવી રીતે રેડ કાર્પેટ પાથરી ઢોલ, શરણાઈ, કુમકુમ, ફુલ, ઠંડાપીણાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. તા. ૨૩ના રોજ બપોરના વેવાઈ જમણ અને રાત્રે કમલેશભાઈએ 'સૂરના સથવારે'નો સૂરીલો કાર્યક્રમ યોજયો હતો જેમાં નૃત્યો વગેરે રજૂ થયેલ.તા. ૨૪ના રોજ ચેતનભાઈ તરફથી ગરબા, ડીજે પાર્ટી સાથે આતશબાજી યોજાયેલ. સાથે ગુજરાતી કાઠીયાવાડી ભોજન તેમજ બાદમાં ફાસ્ટફૂડ રાખેલ. તા. ૨૫ના રોજ ૬૦૦ જેટલા ઉપસ્થિત આમંત્રિતો નવદંપતીને આશીર્વાદ આપી અતિ સ્વાદિષ્ટ 'બત્રીસ ભોજન તથા તેંત્રીસ શાક'ની વિવિધ વાનગીઓનો

આસ્વાદ લઈ સૌ છૂટા પડયા હતા.

આ લગ્નની વિશિષ્ટતા એ હતી કે બંને પક્ષ મુંબઈના હોવા છતાં ભાવનગરમાં લગ્ન કરવાની ભૂતકાળની પ્રથા પ્રમાણે ત્રણ દિવસ સમગ્ર પરિવારને ભેગાં કરી કુટુંબમેળા સાથે એક યાદગાર પ્રસંગ ઉજવ્યો....(સૌજન્યથી)

## સગપણ સગાઈ :

- રાજકોટ સ્થિત યેષા કલ્પેન્દ્રભાઈ બક્ષીનું સગપણ જામનગર નિવાસી સોહમ પંકજભાઈ માંકડ સાથે.
- મીઠાપુર સ્થિત સ્તુતિ રાહુલભાઈ બુચનાં લગ્ન મુંબઈ સ્થિત માનસ ભજમનભાઇ નાણાવટી સાથે.

## ----- લગ્ન વિષયક જાહેરાત -----

**નોંધ :** (૧) નીચેની જાહેરાતમાંના ફોન નંબર જાણવા રવિવાર સિવાય દરરોજ સવારે ૧૧થી ૧ અને ૫થી ૮ દરમ્યાન કાર્યાલયે ફોન કરી શકો છો. (૨) સમય સાથે તાલ મિલાવી પત્ર ઉપરાંત અન્ય સમાચારોની જેમ ઇ મેઇલ (barchhi@rediffmail.com) દ્વારા લગ્નવિષયક જાહેરાત પણ મોકલી શકાશે. શકય બને તો જાણ કરશો. Sub.માં Metri. Ad. લખશો જેથી રહી ન જાય. -તંત્રી.

(૧) બી.એ., ડીપ્લોમા ઈન ટ્રાવેલ એન્ડ હોટલ મેનેજમેન્ટ, જ. ૭/૧૯૮૦, ઉં. ૫'.૩", પ્રા.લી. કંપનીમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : મુંબઈ મો.

(૨) બી.બી.એ., જ. ૭/૧૯૮૮, ઉં. ૫'.૨" માંગલિક કન્યાને યુવક.સંપર્ક : ૦૨૮૧-

(૩) આઇટી પ્રોફેશનલ વોડાફોન કંપનીમાં નોકરી કરતા, જ. ૬/૧૯૮૬, ઉં. ૫'.૨" યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૫-

(૪) બી.એ.,જર્નાલીઝમ, જ. ૧૨/૧૯૮૮, ઉં. ૫'.૩" એસબીઆઇ.માં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૩૨-

(૫) એમ.એ. (ગુજરાતી) જ. ૬/૧૯૮૯, ઉં. ૫'.૭"ની કન્યાને યુવક. (ગતાંકની ક્રમ નં. ૨ માં જ. તા. ૧૯૮૭ છપાયેલ તેથી ફરીથી)૦૨૮૧-

(૬) માસ્ટર ઓફ સોશ્યલ વેલ્ફેર(એમ.એસ.ડબલ્યુ) જ. ૧/૧૯૮૯, ઉં. ૫'.૪"ની વિસનગરા નાગર કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-મો.

(૭) બી.પીટી. ફિઝીયોથેરાપીસ્ટ તરીકે નોકરી કરતી જ. ૯/૧૯૮૬, ઉં. ૫'.૧"ની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૫-

## દુબઈ ખાતે રોલર સ્કેટીંગમાં ખ્વાબ અંતાણી છવાયા



તાજેતરમાં અખિલ ભારતીય સંસ્કૃતિ સંઘ દ્વારા દુબઈ ખાતે યોજાયેલા ગ્લોબલ કલ્ચરલ ઓલમ્પિયાડ - ૨૦૧૩નું આયોજન થઈ ગયું જેમાં રાજકોટની પૂજા હોબી સેન્ટરના બાળકોની ટીમ તેમાં ભાગ લેવા જઈ આવી.જેના માત્ર ૫ વર્ષની વયના બાળસદસ્ય ખ્વાબ અંતાણી (શ્વેતા રચિત અંતાણીના પુત્ર-કિશોરીબેન-કિરીટભાઈના પૌત્ર અને શરદભાઈ જોષીના દોહિત્ર) રોલર સ્કેટીંગમાં છવાઈ ગયા. તેમણે હોબી સેન્ટરના બાળકો સાથે રાષ્ટ્રભાવના ઉજાગર કરતાં 'વંદેમાતરમ્'ની ધૂન પર સ્કેટીંગ ડાન્સ રજૂ કરી સૌની દાદ મેળવી હતી. વિશ્વના આઠ દેશોના કુલ ૪૪૧ બાળકો સામેલ થયા હતા અને તેમાંથી પૂજા હોબી સેન્ટરની ટીમે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. અભિનંદન.

અ.સૌ. સ્વ. ભુવનેશ્વરી(વર્ષા) જયંત હાથીને તેમની તૃતીય પૂણ્યતિથિએ

## સ્મરણાંજલિ



**જન્મ : ૨૩-૬-૧૯૩૭ અવસાન : ૦૨-૦૧-૨૦૧૧**

ચંડીપાઠના અર્ગલા સ્તોત્રમાં મા શ્રી જગદંબાને પ્રાર્થના છે....

" પત્નિ મનોરમાં દેહિ મનોવૃતાનુસારિણીમ્ ।
તારિણીં દુર્ગસંસાર સાગરસ્ય કુલોદ્‌ભવમ્ ॥ "

પ્રાર્થનાને સુસંગત એવી જીવનસંગિની મળે એનાથી ઉત્તમ કોઈપણ પ્રાર્થનાની ઉપલબ્ધિ બીજી કઈ હોઈ શકે ?

આજ તૃતીય પૂણ્યતિથિએ એમની યાદોને સ્મૃતિપટ ઉપર લાવતાં એ જ ખ્યાલ આવે કે "જીવન મળવું એ પૂણ્યની વાત છે, મૃત્યુ મળવું એ સમયની વાત છે.

મૃત્યુ પછી પણ સહુના હૃદયમાં જીવંત રહેવું એ જિંદગીમાં કરેલાં સતકર્મોની વાત છે એટલે સ્વાભાવિક જ લાગણી ઉદ્‌ભવે કે આવજો કીધુ ન કીધું ને સ્હેજમાં ચાલી ગયાં, હાસ્ય અને આનંદની પળોના સ્મરણો જ માત્ર રહી ગયાં.

આ પ્રેમાળ કુટુંબવત્સલ વ્યક્તિત્વને આપણા સહુ તરફથી અંતરની યાદો સાથે સ્મરણાંજલિ

**જયંત હાથી અને કુટુંબીજનો**


**અનંતના યાત્રીઓ : ભુજ :** ગાંધીવાદી અને આઝાદીની લડતમાં જેલવાસ ભોગવનાર, સ્વાતંત્રસેનાની શ્રી ચંદ્રકાંતભાઈ માંકડનું ૯૧ વર્ષની વયે ભુજ ખાતે અવસાન થયું...કિરણભાઈ જે. ઘોળકિયા(કાર્ટૂનિસ્ટ)-૬૧ વર્ષ- જ્ઞાતિ ગોર શ્રી સરોજભાઈ શુકલ પંડયા-૮૭ વર્ષ-ભુજ. દીશિનીબેન લક્ષ્મીલાલ વોરા – ૮૬ વર્ષ – ડભોઈ ખાતે....હરસુતાબેન શશીકાંત વસાવડા – ૮૪ વર્ષ, રમણબેન સનતભાઈ બુચ, મુનીકુમાર બાપુભાઈ દેસાઈ -૮૭ વર્ષ-ગાંધીનગર... અરૂણભાઈ નીલકંઠરાય નાણાવટી-૬૫ વર્ષ-જૂનાગઢ... **રાજકોટ :** પુષ્પકાંત કાંતીલાલ પંડયા-૮૫ વર્ષ- જયશ્રીબેન સૂર્યકાંતભાઈ છાયા-૭૬ વર્ષ, મુળવંતરાય (મુનીભાઈ ) મંકોડી -૮૨ વર્ષ,દિવ્ય બાળાબેન વિનોદરાય બુચ-૮૭ વર્ષ, ચેતનાબેન કિરીટભાઈ માંકડ-૬૭ વર્ષ,પુષ્પેન્દ્રભાઈ હીરાલાલ રીંડાણી-૮૦ વર્ષ, ડોલરવદન દેવેન્દ્રલાલ મહેતા-૭૯ વર્ષ, જાગૃતિબેન રોમેશચંદ્ર છાયા – ૮૦ વર્ષ – મોટી ખાવડી ખાતે.દિવ્યકાંત શંભુપ્રસાદ ઝાલા – ૭૦ વર્ષ અમદાવાદ ખાતે. મૃદુલ અસીનભાઇ ઓઝા – ૮૫ વર્ષ-**ભાવનગર :** હરિશચંદ્ર ભાનુપ્રસાદ અંતાણી-૭૫ વર્ષ-કાત્યાયની અનીલભાઈ મહેતા-૬૪ વર્ષ. વસુમતિબેન નવિનકાંત માંકડ-૮૩ વર્ષ-ખંભાળીયા. થયું. તેઓ કચ્છમિત્રના તંત્રીશ્રી દિપકભાઈ માંકડના પિતા થાય. **જામનગર :** શશીકાંત ઘીરજલાલ ઘીરજલાલ વૈશ્નવ-૮૩ વર્ષ, વિરેન્દ્રભાઈ મણીધરરાય વૈદ્ય – ૬૬ વર્ષ, ડો. દિનકરરાય વસંતરાય માંકડ, જોગેન્દ્રભાઈ કનકરાય રીંડાણી, ડો. હેમેન્દ્રભાઈ મંગળપ્રસાદ રીંડાણી- ૭૨ વર્ષ... **વડોદરા :** બાળ ાબેન પુરંદરરાય પોટા-૯૨ વર્ષ, શ્રીમતી વર્ષાબેન હેમંતકુમાર વૈશ્નવ,શ્રીમતી સુનીલાબેન અનિલકાંત વસાવડા-૭૧ વર્ષ -ગં. સ્વ. ગીતાબેન સુકેતુકુમાર દેસાઈ -૮૬ વર્ષ,-કિરણભાઈ પુષ્કરરાય વસાવડા- દુષ્યંતભાઈ ભાલચંદ્રભાઈ માંકડ-૬૬ વર્ષ- અમદાવાદ. જગદીશભાઈ હરપ્રસાદ વૈશ્નવ-૭૦ વર્ષ-મુંબઈ, નીમિષ નલીનકાંત વછરાજાની-૪૬ વર્ષ-મુંબઈ. અમુલ હરેન્દ્રભાઈ (દીવાકર)ખારોડ-૫૧ વર્ષ-અમેરીકા.

ૐ નમઃ શિવાય ૐ નમઃ શિવાય ૐ નમઃ શિવાય



## ● ઉદ્‍ઘોષણા ●

સર્જનહારનું ઉત્કૃષ્ટ સર્જન
અમારા સર્જનહાર
શુ શુ સંભારીએ કેમ કરી પૂજીએ
બે પૂણ્યાત્માના અગાધ ઉંડાણ,
તુમુલ સંઘર્ષ શૈશવ કાળનો
કઈ રીતે ભરીએ ઉડાન
પ્રભુ કૃપા વરસી રહી ભરદરીયે કિનારાનો ભાસ
અજીત– કાયમ અજીત રાખવા
સાંપડયો વેદવતીનો સાથ
નોંધારા ભાઈ–બહેનો ને જાણે મા મળી
અંતરની બુઝાવી પ્યાસ
અનેક વિપદાઓ વચ્ચે ધૃવ સમા અફર
મેરૂ સમ અચળ
નિષ્ઠા બની સુનિષ્ઠા આવ્યા મુંબાપુરી ધામ
દેખી મુંબઈની દમક ડગ્યા નહી રહી અડગ
ચાંદનીના ઉપાસક ન ભપકાના ચાહક
પામ્યા લક્ષ્મી સાત્વિક ભાવે
પગલાં ભર્યા જ્ઞાનને માર્ગે જીવનને સાર્થક કરવા
સંવેદનશીલ સારસ્વત તમે
નવ સ્વરૂપે આવ્યા, દીધા સદાય અમને વિસામાં
જીવનને જાણ્યુ, માણ્યુ અને બનાવ્યું, જાણે એક ટાલુ
લાગણી બુધ્ધિના સમન્વયનું, કરવું રહયું ગાણુ !
ધૂપસળીની જેમ જીવ્યા ધખાયા પણ ન કંટાયા
ઝંઝાવાતો સામે ઝઝુમતા તમારા બંન્નેની વિદાયને
મૃત્યુ જેવું શુષ્કનામ અપાય ?
તમે તો અનંતના યાત્રી જીતીને મૃત્યુ 'અજીત' રહયા
વેદવતી સહ વિહર્યા, વિકસ્યા ,વિલસ્યા
અને હવે વિરમ્યા !
ઉન્નત આત્માઓની શાંતિ નહી આશિષ અમે પાર્થીએ
કારણ તમે મર્યા નથી ઓ અનંતના યાત્રી
આ તો છે જીવન સમાપ્તિની ઉદ્‍ઘોષણા



તેજસ કાશ્યપ પરિવાર
મુંબઈ

ૐ નમઃ શિવાય ૐ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

# નાગરોને નજર લાગી ?...

નાગર જ્ઞાતિ મૂળથી ગણ્યા ગણાય નહીં તેટલા સદગુણો માટે સમાજમાં વિખ્યાત છે, પણ છેલ્લા ૫-૭ વર્ષથી જે જોવામાં, અનુભવવામાં આવ્યું છે તે ચિંતાજનક છે. શું નાગર જ્ઞાતિ તેની ગૌરવવંતી ખાસિયતો ભૂલી રહી છે ?...

૧) એક જમાનામાં એસએસસી અને એચએસસી બોર્ડના રીઝલ્ટમાં ૧૦માંથી ૬ નામ નાગરના રહેતા આજે સમ ખાવા બે-ત્રણ વર્ષે એકાદ નામ આવે છે (પટેલ અને વણિક મેદાન મારી રહયા છે)

૨ ) જ્ઞાતિમાંથી પુત્ર-પુત્રી અન્ય જ્ઞાતિમાં લગ્ન કરે તેવું ભાગ્યેજ બનતું આજે આ પ્રમાણ ઘણું વધી ગયું છે. જો કે આમાં એક વાત સમજી શકાય કે, અભ્યાસ અને નોકરી અર્થે બહાર જવાનું વધ્યું છે એટલે અન્ય સાથે સંપર્કમાં આવતાં આવું બને છે એટલે ઠીક છે પણ ત્રીજું અવલોકન વધુ ચિંતાજનક છે.

૩) જ્ઞાતિમાં સગાઈ તૂટવાના કે લગ્ન વિચ્છેદના બનાવો વધતા જ જાય છે કેમ ? આ અતિ ગંભીર મુદ્દો છે.

૪) સંયુકત પરીવાર માટે ઉદાહરણ રૂપ આ જ્ઞાતિમાં આજે ભાઈ ભાઈને ઓછું બને છે ઉપરાંત મા બાપને સાથે રાખવાનું ટાળવું તેવી વૃતિ વધતી જાય છે.

૫) સંપ માટે અન્ય તમામ જ્ઞાતિઓને ઈર્ષ્યા થાય તેવી જ્ઞાતિમાં પરસ્પરની લાગણી ઘટતી જાય છે.

૬) પછાત વર્ગ સુધરી રહયો છે પણ નાગરો તેની ચોખલીયા વૃત્તિ, અહમ, આડંબર અને આત્મશ્લાઘા ના અવગુણો છોડી નથી શકતા.

અલબત્ત, નાગરના ઘણા મૂળ સંસ્કારો કલા, બુધ્ધિમતા, દીર્ઘદ્રષ્ટિ, રમૂજવૃતિ વિ. ઘણું બધું અકબંધ છે પણ ઉપર જણાવેલા કેટલાક મુદ્દા વિચાર માગે છે.

ઉપરોકત લખાણ ઘણા બધા પરીવારોના છેલ્લા થોડા વર્ષોના અવલોકન પછી લખાયેલ છે એટલે કોઈએ અંગત દુ:ખ લગાડવાની જરૂર નથી જરૂર છે સાથે મળીને ગંભીરતાથી વિચારવાની..જય હાટકેશ

**- મયૂર અંજારીયા, રાજકોટ**

(ઉપરોકત મુદ્દાઓમાં શા માટે આ સ્થિતિ આવી -કારણો અને શું થઈ શકે તે યુવા પેઢી અને વડીલ વર્ગે વિચારમંથન કરવા જેવા જણાય છે...ત્રીજો મુદો તો ઠેર ઠેર બહુચર્ચિત-આજનો 'હોટ ટોપીક' છે જે સૌના મંથનથી હલ થઈ શકે તેમ છે...દરેક મુદા માટે કલમ ચલાવી જ્ઞાતિની છબિ ઉજળી બનાવવા પોતાનું મંતવ્ય બરછી કાર્યાલયે લખીને મોકલી આપવા ઈજન છે. જ્ઞાતિ હિતાર્થે આ આમંત્રણ સમજી બૌધિકો, લેખકો, પત્રકારો રસ લેશે તો જ્ઞાતિના વિકાસ માટે કે જ્ઞાતિ ટકાવવા ઉપયોગી બનશે. - તંત્રી)

**ફ્લેટ વેચવાનો છે :**

**રાજકોટ ખાતે જૂના જાગનાથ પ્લોટમાં ૨ બીએચકે, ૬૩૦'કાર્પેટ, પહેલો માળ, લીફટ, ફીકસ ફર્નિચર સાથે...**

**સંપર્ક : મો. ૭૩૫૯૦૭૦૩૯૯**

**ટયુશન / કલાસ અંગેની માહિતી (નિ:શુલ્ક)**

મહુવાનાં કુ. દેવાંગી હરેશભાઈ મહેતા બી.એ. (અંગ્રેજી) થયા બાદ એમ.એ.(એકસ) કરી રહયાં છે. અત્રેની પ્રાથમિક શાળામાં નોકરી સાથે પોતાના ઘેર નજીવા દરે ધો. ૧થી ૮ બંને માધ્યમોના ટયુશન આપી રહયાં છે...સંપર્ક : ૯૪૦૮૪૬૫૦૩૮

# સિનિયર સીટીઝન માટે હૂંફાળું સ્થાન : 'સિનિયર સ્માઇલ'

સિનિયર સીટીઝન હોમ એટલે સામાન્ય સમજ એવી કે 'વૃધ્ધાશ્રમ' અને વૃધ્ધાશ્રમ એટલે સામાન્ય સમજ એવી કે જ્યાં દીકરા -વહુના ત્રાસથી અથવા અશકત અને પરવશ બની ગયેલા વૃધ્ધોને રહેવા માટેની જગ્યા...પણ અહીં વાત છે એ વર્ગની કે જેની પાસે તમામ સુખ સાધનો છે,સુખી છે પરંતુ પોતાના સંધ્યાકાળના સમયમાં એકલતા અનુભવે છે કે જેમનાં સંતાનો વિદેશમાં વસે છે,સંતાનમાં માત્ર દીકરી જ હોય જે પરણીને સાસરે હોય અથવા વડીલ પોતે વિદેશમાં હોય અને ફરીથી ભારતમાં સ્થાયી થવા માંગતા હોય તેવા તમામ લોકો માટેનું હૂંફાળું પોતીકું લાગે તેવું સ્થાન એટલે **'સિનિયર સ્માઇલ'...**

કે જ્યાં સ્વતંત્ર કબાટ, લોકરની સુવિધા,એટેચ ટોયલેટવાળા ટવીન શેરીંગ રૂમ, સ્વતંત્ર ડાઇનીંગ એરીયા, ટીવી-ડીવીડી, કોમ્પ્યુટર-ઇન્ટરનેટ તથા લાયબ્રેરીની સુવિધા તેમજ ડાયેટ કન્સલટન્ટની સૂચના અનુસાર નાસ્તો, ભોજન તથા નિયમિત રીતે મેડીકલ ચેક અપ...અને આ બધું જ શહેરની મધ્યમાં, પોશ વિસ્તારમાં તે પણ જ્યાંથી હોસ્પિટલ, મોલ, સીનેમા, ટ્રાન્સપોર્ટેશનના તમામ સાધનો બહુ જ હાથવંતમાં. આટલું જ નહીં મહિનામાં એકવાર નાનકડી પીકનીક તો કોઈવાર પીકચર અને હોટલમાં જમવા પણ જવાનું ! ટૂંકમાં **સિનિયર સ્માઇલ**નો હેતુ કોઈપણ સિનિયર સીટીઝન આવી આવાં પ્રસન્ન વાતાવરણમાં માસિક, ત્રિમાસિક, છ માસિક કે કાયમી ધોરણે વસવાટ કરી શકે.

**'સિનિયર સ્માઇલ'** શું છે ? કેવું છે ? તેની પ્રત્યક્ષ જાણકારી મેળવવા તા. ૫ જાન્યુઆરીથી ૧૫ ફેબ્રુઆરી-૨૦૧૪ સુધી રાજકોટ કે બહારગામ રહેતા કોઈપણ સિનિયર સીટીઝન ટોકન ચાર્જ ભરીને ૧ દિવસથી ૩ દિવસ સુધી રોકાણ કરી શકશે. આ સમય દરમ્યાન રોકાણ કરનાર વડીલો માટે ૧૧ વાગે ચેક ઈન તથા વેલકમ ડ્રીન્ક, બપોરે ૧ વાગે ઘર જેવું જ જમવાનું બપોરે ૪:૩૦ વાગે ચા-નાસ્તો, રાત્રે ૮ વાગે પાચનમાં હલકું પણ પૌષ્ટીક જમવાનું, બીજા દિવસે સવારે ૮ વાગે ચા તથા ગરમ નાસ્તો અને ૧૦ વાગે ચેક આઉટની વ્યવસ્થા રાખવામાં આવી છે. આ સાથે **સિનિયર સ્માઇલ** દરેક સિનિયર સીટીઝનને એકવાર મુલાકાત લેવા તથા રોકાણ કરવા આવકારે છે. સાથે એક અપીલ કરે છે કે આ પ્રકારની જરૂરીયાતવાળા સિનિયર સીટીઝન સુધી આ સમાચાર પહોંચાડી મદદરૂપ થશો.

**'સિનિયર સ્માઇલ'**ના વિચારના પાયામાં રહેલા ખુશી છાયાએ નિયમીત રીતે વડોદરાના જુદા જુદા વૃધ્ધાશ્રમોની તથા રાજકોટમાં ઢોલરામાં આવેલ વૃધ્ધાશ્રમની મુલાકાત લઈ ત્યાંથી અલગ નવીનતમ કરવાના વિચાર સાથે આ **'સિનિયર સ્માઇલ'** શરૂ કર્યું અને તેને વાસ્તવિક સ્વરૂપ આપવા વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા તેમના પતિ નિર્મિત છાયાએ સંપૂર્ણ સહકાર અને યોગદાન આપ્યું...અને ખુશીના વિચારને ખુશી ખુશી વધાવી લીધો. "We are trying to fill colours in your sunset years" આ વાકયને સાર્થક કરવાનો આ દંપતીનો પ્રયત્ન છે.

હાલમાં રાજકોટના ૧૫૦' રીંગ રોડ જેવા પોશ વિસ્તારમાં પહેલા યુનીટથી શરૂ કરેલ સિનિયર સ્માઇલ'ના વધુ યુનીટ શરૂ કરવાનું પણ આ યુવા દંપતીનું સપનુ છે.

**વધુ વિગત માટે મો. નં. ૯૩૭૫ ૩૩ ૨૧૧૧ તેમજ specialhome@gmail.com પર સંપર્ક કરી શકશો.**

# ----- પ્રેરક પ્રાર્થના -----

હમણાં એક પ્રેરક પ્રાર્થના વાંચવા મળી. જેનો અહી સારાંશ ટપકાવું છું. આ પ્રાર્થના આપણને જીવનમાં ઘણો બોધ આપે છે. આપણા અસંતોષને ઠંડો પાડવામાં કદાચ મદદરૂપ થાય. પ્રાર્થના છે – સવાર પડી... એલાર્મ ઘડિયાળ રણક્યું, એના અવાજથી હું ખૂબ ચિડાઈ જાઉં છું. મારા શરીર પર રજાઈ ઓઢી લઉ છું...સવાર સવારમાં એલાર્મ અવાજ મને સૌથી વધારે કર્કશ અને કંટાળાજનક લાગે છે. છતાં –હે પરમાત્મા ,તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે હું એ અવાજ સાંભળી તો શકું છું. આ વિશ્વમાં એવા અગણિત લોકો છે જે સાંભળી પણ શકતા નથી.'

સૂર્ય ઊગે છે, અને સોનેરી સૂર્યકિરણોની સાથે જ આકાશમાં અનેક રંગો રેલાય છે. પણ એ વખતે હું તો ઉંઘતો હોઉ છું. એ અલૌકીક અનુપમ દ્રશ્યો નીહાળવાની હું દરકાર કરતો નથી છતાં 'હે પરમ કૃપાળુ તારો ખુબ ખુબ આભાર માનું છું કે હું જોઈ તો શકું છું. આ દુનિયામાં સેંકડો અંધ માણસો છે એ તો કંઈ જોઈ શકતા નથી.

' સવારે ઉઠયા પછી પણ પથારી છોડતાં મને ખુબ આળસ આવે છે પરાણે હું ઉભો થાઉ છું છતાં ''હે પરમાત્મા તારો ખૂબ ખૂબ આભાર કે હું ઉભો તો થઈ શકું છું આ જગતમાં હજારો એવા માણસો છે જે વર્ષોથી પથારીવશ છે અને ઉભા પણ થઈ શકતા નથી'

પથારીમાંથી ઉઠયા પછી પણ મારી સવાર ધાંધલ ધમાલવાળી હોય છે બાળકનો જોર જોરથી રડવાનો અવાજ, ચા નાસ્તો તૈયાર ન હોય, પત્ની ની બુમાબુમ, ઘરડા માબાપની તબિયતની ફરીયાદો, ઓફીસે જવાની ઉતાવળ . વિ. વિ. અનેક સમસ્યાના ઢગલા છતાં ''હે પ્રભુ તારો ઘણો ઘણો આભાર માનું છું કે તે મને પરીવાર તો આપ્યો છે આ દુનિયામાં હજારો માણસો એકલવાયું જીવન જીવે છે.''

મારૂં ઘર આમતો સાવ સાધારણ છે ફિલ્મો કે મેગેઝીનમાં આવતા ઘર જેવું એ સહજ પણ ન દેખાય. ફર્નિચર પણ સાવ સામાન્ય જ છે. છતાં પણ ' હે પરમકૃપાળૂ પરમાત્મા તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે મારે માટે પોતાનું ઘર તો છે આ ધરતી પર લોખો લોકોને ઓઢવા માટે ઉપર આભ અને પાથરવા જમીન સિવાય કઈપણ હોતું નથી આવા લોકો કરતા હું કેટલો બધો ભાગ્યશાળી છું.!!'

''મારા ઘરમાં બનતું ભોજન પણ કોઈ રેસ્ટોરન્ટ કે હોટલ જેવું નથી હોતું મિષ્ટાન પણ કયારેક બનતું હશે છતાં 'હે પરમાત્મા તારો ખુબ આભાર તે મને એક પણ દિવસ ભૂખ્યો સૂવડાવ્યો નથી આજે આ પૃથ્વી પર સેંકડો માણસો રોજ ભૂખ્યા પેટે સૂઈ જાય છે...અને અંતમાં હે પરમાત્મા, મારૂં જીવન મારા સપનાના જીવન જેવું નથી જેની મેં કલ્પના કરી હતી છતાં હે પરમાત્મા તારો ખૂબ ખૂબ આભાર કે હું જીવન જીવું છું. મારી આસપાસ જોઉં છું એમના જીવનમાં તો જિંદગી જ નસીબ નથી.'

જોવા કે ગણવા બેસું ત્યારે મારા અંતરમાં ઉજાસ થાય છે કે હે પ્રભુ ! તેં મને કેટલું બધું આપ્યું છે પરમાત્મા તારો ખૂબ ખૂબ આભાર.

**– મનહર વૈષ્ણવ (રાજકોટ)**

## શ્રી કચ્છ પરિવાર, રાજકોટ

સંસ્થાના ઉપક્રમે તા. ૨૯/૧૨/૧૩ના રોજ નાગર બોર્ડીંગ ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાય ગયો. જેમાં પરિવારના ૪૫ જેટલા કુટુંબો સામેલ થયાં હતાં. પ્રાર્થના ગીત બાદ સંસ્થા પ્રમુખશ્રી નિશેન્દુભાઈ માંકડે સ્વાગત સંબોધનમાં સૌને આવકારી પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.ત્યારબાદ શ્રી બાલેન્દુભાઈ પાઠક તથા રાજેન્દ્રભાઈ ધોળકિયાના હસ્તે પારિતોષીક વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રી અભય અંજારીયા તથા નીધિબેન પોટા દ્વારા વિવિધ રમતગમતોમાં સૌએ જોડાયને આનંદ માણ્યા બાદ કાર્યક્રમના અંતે ઉંધીયા પુરી જલેબીની મોજ માણી સૌ વિખરાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હિમાંશુ રાણાએ સંભાળ્યું હતું. કારોબારી સભ્યોની આયોજન સફળતાને વર્યું હતું.

## સાવ અંગત, હવે સ્મૃતિ.




માત હંસા તારી સદેહે ગેરહાજરી-
સ્વીકારાતી નથી
તારી વસમી વિદાય...
વિસરાતી નથી.
કેવાં કેવાં સ્વપ્નોને કેવાં કેવાં અરમાન
સઘળાં જીવનથી છલોછલ ને તરબતર
એ વરાળ બની અલોપ થઈ ગયાં
વરાળ એ વજ્રઘાત સમી વિસરાતી નથી. માત હંસા.
કર્યા ઘણા પ્રયાસ ને કરી કેટલીય પ્રાર્થના
રાખી કંઈક શ્રધ્ધા ને હૈયે ધર્યા વિશ્વાસ
પણ તુજ શ્વાસ એ એકેય ન ચલાવે
બસ એ ભાંગેલ ભાવના જોડાતી નથી. માત હંસા.
વાતો કરવાની હોંશ, સમીપ બેસવાની હૂંફ
મૌન રહીને ય મળતો, તુજ પ્રેમ અસીમ...
હવે કરશે કોણ એ અંગત ઘરની વાતો...
કેટકેટલી વાતો પૂરી કરી શકાતી નથી. માત હંસા.
તમારી છટા-તમારી શૈલી ને હિંમત
તમારી પાક-કળાને ઘર-સજાવટ
સંબંધ સાચવવાની કુનેહ ને ઘણુંબધું
ગુણોની હારમાળા હૈયેથી અટકતી નથી. માત હંસા.

**દ્રવિત હૈયાં...**

અ.સૌ. નિપા જયમીન વોરા કેતન પ્રફુલ્લચંદ્ર માંકડ
અ.સૌ. ચાર્વી કેતન માંકડ નમન કેતન માંકડ
અ.સૌ.કૃતિ મનિષી અંજારીયા જલશ્રી મનિષી અંજારીયા

## રજનીકાન્ત વસાવડાનો દેહવિલય



માંગરોળ ખાતે મધ્યમવર્ગીય પરિવાર માં તા. ૨૩/૧૦/૧૯૧૪ માં જન્મેલ શ્રી રજની કાન્તભાઈ પ્રાણશંકર વસાવડાનું તા. ૨૫/૧૨ ના રોજ દેહાવસાન થયું. સાહસિક કુટુંબવત્સલ, સેવાભાવી, પરોપકારી અને ધર્મભાવ ધરાવતા શ્રી રજનીકાંતભાઈ એ આસી. સબટ્રેઝરી ઓફીસર તરીકે ૩૮ વર્ષ નિષ્ઠા પૂર્વક ફરજ બજાવી હતી.

નોકરી દરમ્યાન અને નિવૃત્તી બાદ તેઓએ હાટકેશ્વર સેવા સંસ્થાન,નરસિંહ મહેતા ચોરા સમિતિ,મોતીભવન સેવા સંસ્થાન, મેમણ જમાઅત(રીલીફ) તથા સીમેન્ટ એસોસીએશનમાં પોતાની મૂલ્યવાન સેવાઓ પ્રદાન કરી હતી.

રજનીકાન્તભાઈ માઇ કલાપીના પરમ ભકત હતા. અનેક રચયિતાઓના અસંખ્ય ગરબા તેમને કંઠસ્થ હતા. જૂનાગઢ ખાતે તેઓ અને તેમના લઘુબંધુ સ્વ. રસીકભાઈ વસાવડાએ ગરબા સ્તુતિ ગાનમાં 'રજુ-રસીક'ના નામથી પ્રસિધ્ધી મેળવેલ. તેઓ સ્વ. પથુભાઈ તથા સ્વ. તનુમતિબેન વૈદ્ય ગરબામંડળના સ્થાપક હતા. રજનીકાન્તભાઈ(રજુભાઈ)ના જયેષ્ઠ પુત્ર કિશોરભાઈ અને ભવ્યકેતુભાઈ 'આરાસુરી ધૂન મંડળ' દ્વારા આ અલભ્ય વારસાનું જતન કરી રહયા છે.

આવા સાત્વિક, ભકિતમાર્ગના પથિકના આત્માને શાંતી જ હોય !

# : : : સમાચાર સંચય : : :

❖ **જૂનાગઢ :** કોટક મહિન્દ્રા લાઇફ ઇન્સ્યોરન્સમાં ડેપ્યુટી મેનેજર તરીકે ફરજ બજાવતા દૈદિપ્ય અવિનાશભાઈ કચ્છીએ નિશ્ચિત લક્ષ્યાંક કરતાં વધારે કામ કરી બતાવતાં આ પ્રદાન બદલ કંપની તરફથી ગોલ્ડ મેડલ આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું.

❖ વિશ્વ સંસ્કૃત પ્રતિષ્ઠાન જૂનાગઢ દ્વારા આયોજિત સંસ્કૃત સ્તોત્રગાન યોજાય ગઈ જેમાં ૭૦ બાળકોએ ભાગ લીધો હતો, તેમાંથી કુ. પ્રચેતાબેન અનસુખરાય વોરા દ્વારા સંચાલિત શ્રીશ બાળ સંસ્કાર કેન્દ્રમાં ૧૦ બાળકોએ ભાગ લીધો હતો.જેમાંથી કુ. શ્રેષ્ઠા હેમલભાઈ નાણાવટી-પ્રથમ, કુ. ક્ષીતિ દિવ્યાંશુભાઈ વૈશ્નવ-દ્વિતીય,કુ. કક્ષા કુમારભાઈ ધોળકિયા-તૃતીય,કુ. ખુશી જાગૃતભાઈ છાયા તથા કુ. અસિતિ ધર્મેન્દ્રભાઈ વોરાએ પાંચમો ક્રમ મેળવ્યો હતો. અન્ય બાળકોએ પણ સુંદર રજૂઆત કરી હતી. સંસ્થા દ્વારા ઈનામો અને પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં.

❖ અત્રેના જિલ્લા મા. શિક્ષણ વિભાગનાં નિવૃત્ત કલાસ -૨ અધિકારી સુ.શ્રી જાગૃતિબેન સી. ખારોડ દ્વારા સ્થાપવામાં આવેલ આઇટી એજ્યુ. એન્ડ કોમ્યુ. ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે તેઓનાં માતુશ્રી સ્વ. પુષ્પાબેન ખારોડની પૂણ્યતિથિ નિમિત્તે વૃધ્ધનિકેતન ખાતે વૃધ્ધો માટે મિષ્ઠાન્ન ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વૃધ્ધ નિકેતનમાં દાયકાઓ સુધી વૃધ્ધો માટે પોતાનું જીવન સમર્પિત કરનાર નખશીખ પવિત્ર સેવક સ્વ. વિનુભાઈ રાણાની સેવાને બિરદાવી તેઓની છબીને પુષ્પહાર અર્પણ કરેલ.

❖ ગુજરાત સરકાર આયોજિત ૨૦૧૩ ખેલ મહાકુંભની રસ્સાખેંચ સ્પર્ધામાં ૪૫થી ૬૦ વર્ષ સુધીની અન્ય પાંચ બહેનો સાથે પૂર્ણિમાબેન મયંકભાઈ વૈદ્ય, રશ્મિબેન મહેશ્વરભાઈ પંચોળી,કીર્તના મહેશ્વરભાઈ પંચોળી તથા પ્રચેતાબેન અ. વોરાએ ભાગ લીધો હતો તથા ૬૦ વર્ષ ઉપરની ઉંમરના બહેનોમાં શ્રીમતી ઉર્મિબેન જ્યોતિષભાઈ માંકડ, કલ્પનાબેન મધુભાઈ વસાવડા, દક્ષાબેન દશરથભાઈ દેસાઈ, મલકાબેન વિમલભાઈ વોરા, નીરૂબેન પાઠક તથા નયનાબેન ભરતભાઈ વૈશ્નવે ભાગ લીધો હતો. બંને ટીમ જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવી રાજ્યકક્ષાએ ભાગ લેવા હિંમતનગર જઈ આવી.

❖ ગુજરાત સરકાર આયોજિત માસ્ટર એથ્લેટીકમાં શ્રીમતી પૂર્ણિમાબેન મયંકભાઈ વૈદ્ય ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ તથા લોંગ જમ્પમાં જિલ્લા કક્ષાએ પ્રથમ આવતાં રાજ્ય કક્ષાએ ભાગ લઈ અનુક્રમે તૃતીય, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવી વિજેતા બની જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું. ઉપરાંત દાતાર પર્વતના પગથિયા ચડવાની હરિફાઈમાં સાહિલ મયંકભાઈ વૈદ્ય-પ્રથમ,મયંકભાઈ વી. વૈદ્ય તથા શ્રીમતી પૂર્ણિમાબેન મયંકભાઈ વૈદ્ય તૃતીય વિજેતા જાહેર થયાં હતાં.

❖ **મહુવા :** નરસિંહ મહેતા હારમાળા જયંતી પ્રસંગે અત્રે હાટકેશ્વર મંદિરમાં ભોજન સમારંભ યોજવામાં આવેલ. જેની વિશિષ્ટતા એ હતી કે અત્રેના વિરેન-અર્ચના દેસાઈ દંપતીએ સ્વહસ્તે ભોજન તૈયાર કર્યું હતું. જ્ઞાતિજનો નાસ્તા જમણવાર માટે નિઃશુલ્ક મિમાંસા ફૂડ કોર્નરનો સંપર્ક સાધી શકે છે.

❖ ડો. ધારક ધોળકિયા અત્રેની હનુમંત હોસ્પિટલમાં ઓર્થોપેડિક સર્જન તરીકે જોડાયા.

❖ કૃતાર્થ વિજયભાઈ વૈદ્ય અત્રેના વકીલમંડળમાં ઉપપ્રમુખ તરીકે સતત બીજી ટર્મ માટે ચૂંટાય આવ્યા.

❖ **રાજકોટ :** અત્રેથી પ્રકાશિત થતાં અઠવાડિક પત્ર કાઠીયાવાડ એકસપ્રેસમાં શ્રી જસ્મીનભાઈ જે. દેસાઈને કાયમી ધોરણે આપવામાં આવેલ 'દર્પણ' લેખમાળામાં તેઓના ૫૦ લેખો પૂરા થયા.

❖ દિલ્હી પબ્લીક સ્કૂલની સંગીત સ્પર્ધામાં કેયુર અશોક પોટાએ નિર્ણાયક તરીકે સેવા આપી.

❖ કુ. ભાવી હર્ષાયુ મહેતા ગુ.એચ.એસ.સી. બોર્ડ દ્વારા લેવાયેલ ધો. ૧૧ સાયન્સના પ્રથમ સેમેસ્ટરમાં ૯૨ પીઆર સાથે બાયોલોજી વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવી બોર્ડમાં ઉચ્ચતમ માર્કસ મેળવ્યા છે.

❖ શ્રી પ્રણવાનંદ સંસ્કૃત ભવન રેસકોર્ષ ખાતે શ્રી કૌશિકકુમાર છાયાના પ્રમુખ સ્થાને શહેરના શાળા કોલેજના છાત્રો માટે યોજાયેલ સંસ્કૃત સુભાષિત સુલેખન સ્પર્ધા વિજેતાઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાય ગયો. જેમાં તેઓએ શ્રીમદ્ ભગવત ગીતા અને સંસ્કૃતના મહત્વ વિશે વ્યાખ્યાન આપ્યું.

❖ **ટોરેન્ટો :** અત્રેની પ્રસિધ્ધ બહુરાષ્ટ્રીય કંપનીમાં ફરજ બજાવતા શ્રી સુધાંશુભાઈ ડી. સ્વાદિયા ડીસેમ્બર માસમાં કુટુંબયાત્રાએ મુંબઈ જઈ આવ્યા.

❖ **મુંબઈ :** બોમ્બે સ્કોટીશ સ્કૂલ આયોજિત ડાન્સ કોમ્પીટીશનમાં શ્રીમતી તોરલ કેતન રીંડાણીએ નિર્ણાયક તરીકે સેવા આપી. તેમણે અ.ભા.ના.પ.દ્વારા યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ડાન્સ રજૂ કરી દાદ મેળવી.

❖ સ્વ. વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની ૧૧ જાન્યુઆરીના રોજ પૂણ્યતિથિ પ્રસંગે આકાશવાણી મુંબઈ કેન્દ્ર પરથી શ્રી દિગંબરભાઇ સ્વાદિયા લિખીત તેમનાં જીવનદર્શન પર આધારિત રૂપક પ્રસારિત કરવામાં આવ્યું. આ રૂપકનાં નિર્માત્રી-દિગ્દર્શક વૈશાલી ત્રિવેદી હતાં.

❖ **ભાવનગર :** રકતદાતા અંતાણી પિતા પુત્રની જોડી-જયેશભાઈ અંતાણીએ ૧૧૪મી વખત અને પ્રતિક અંતાણીએ ૧૦મી વખત રકતદાન કર્યું. જે બદલ બ્લડ બેંકના ટ્રસ્ટીઓ દ્વારા સ્વામી વિવેકાનંદજી લિખીત પુસ્તકોનો સેટ આપી બંનેને સન્માનિત કરાયા.

## શ્રી જૂનાગઢ વડનગરા નાગરી પરિવાર



શ્રી જૂનાગઢ વડનગરા નાગરી પરિવાર સંગઠનની દસમી સામાન્ય સભા પ્રમુખશ્રી મેધાવીન બુચના અધ્યક્ષ સ્થાને પરિક્રમાના માર્ગે ભવનાથ તળેટી ખાતે બોરદેવી માતાજી મંદિર પરિસરમાં વિશાળ હાજરીમાં મળી ગઈ. દસ વર્ષના સુદિર્ઘ સમય દરમ્યાન હાથ ધરાયેલ નોંધપાત્ર પ્રેરણાદાયી અને વિશિષ્ટ પ્રોજેકટસ જેવા કે વડીલવંદના, ગુરૂવંદના, મૂકસેવા વંદના,સૈનિકસેવા વંદના વગેરેની સંક્ષિપ્ત નોંધ સાથેની સ્મરણિકા તૈયાર કરવામાં આવેલ. જેનું સામાન્ય સભાની પૂર્વ સંધ્યાએ જ્ઞાતિના વરિષ્ઠ વયસ્ક ૧૦૪ વર્ષનાં મા. બાળાબેન વૈદ્યના હસ્તે કારોબારી સમિતિના ઉપસ્થિત સભ્યોની હાજરીમાં વિમોચન કરવામાં આવ્યું હતું. સ્મરણિકા સાથે ગાંધીધામ સ્થિત શ્રી શૈલેષભાઈ ખારોડના સૌજન્યથી 'જય હાટકેશ'ના સ્ટીકર આપવામાં આવેલ. સ્મરણિકાના પ્રારંભે 'સ્નેહનો સંગાથ' વર્ણવતા સંગઠનના પ્રમુખ શ્રી મેધાવીનભાઈ બુચે આ સંગઠન 'પરપ્રકાશિત' છે તેની પૂર્વભૂમિકા આપી શ્રી હાટકેશની કૃપાદ્રષ્ટિ વરસતી રહે તેવી અભ્યર્થના વ્યકત કરી છે. સામાન્ય સભાના અંતમાં જ્ઞાનવર્ધક કાર્યક્રમો અને કાઠીયાવાડી ભોજનનો આનંદ લઈને સૌ છૂટા પડેલ.

# ))))(((( કીચન મેનેજમેન્ટ ))))((((

રસોઈ ઘર-નાગરી ભાષામાં રસોડું શબ્દ વધુ વપરાય છે, તે ઘરનો મુખ્ય વિભાગ કહી શકાય. કારણ કે ઘરમાં આ વિભાગ જો વ્યવસ્થિત હોય, સારી, સ્વાદિષ્ટ, સાદી છતાં પૈષ્ટિક વાનગીઓ કાયમ બનતી હોય તો તે ઘરના સૌ કોઈ " Healthy-Wealthy & Happy રહેવાના.

પણ આ રસોઈઘરના મેનેજમેન્ટ વિષે આપણે કોઈએ ગંભીરતનાથી વિચાર્યુ છે ? ના- કારણકે નાગરની બહેનો આ મેનેજમેન્ટના પાઠ નાનપણથી ઘરની મુખ્ય વ્યકિત, મા, દાદી, ભાભી, પાસેથી ગ્રહણ કરે છે. અને તે જયારે પરણીને 'સાસરે' જાય છે ત્યારે તે ઘરના રીતરિવાજ સ્વાદ વાનગી બધું 'સાસુ' પાસેથી ગ્રહણ કરી રસોઈઘર સંભાળી લે છે.

આજે તો એમબીએ, બીબીએ ભણાવતી અનેક સંસ્થાઓ ગુજરાતભરમાં છે. આઈઆઈએમ અમદાવાદ વિષે આજથી ૧૫ વર્ષ પહેલાં ઘણા થોડા લોકોને જાણકારી હતી. પણ કીચન મેનેજમેન્ટ કોઈ ભણાવતું નથી.

ચાલો આપણે આ મેનેજમેન્ટ ના 'કોર્ષ' વિષે વિચારીએ... પાંચ કે આઠ વ્યકિતના નાગર કુટુંબોમાં આજે પણ આખા વર્ષનો 'માલ' દાણો, મસાલો લઈ લેવાની પ્રથા છે. આપણી ગૃહિણી અથવા ઘરની મુખ્ય વ્યકિત (મા, સાસુ, મોટી ભાભી) ને આ માલ કેટલો લેવો કયારે લેવો તે લીધા પછી તેને કેમ 'સ્ટોર' કરવો – દીવેલ દેવું, સાફ સફાઈ વિ.વિ. ઉપરાંત અમુક સમય પછી તેમાં જીવાત કે બગાડ ન થાય તે માટે સમયે સમયે તેની સંભાળ લેવી...It is a Store Management.

માસની શરૂઆતાં રોજિંદા વપરાશની યાદી તૈયાર કરી ચા ખાંડ દાળ વિ.વિ. કેટલુ જોશે , જો આગલા મહીનાનો અમુક માલ સામાન પડયો હોય તો તે પ્રમાણે ફેરફાર કરવો.આ બધું જ્ઞાન ચોપડી કે લેપટોપમાંથી નથી મળતું પણ નાગર નારીના 'બ્રેઈન કોમ્પ્યુટરમાં સેવ' કરેલ હોય છે. This we call Purchase Management.

વ્હેલી સવાર ચા ના પ્યાલા રકાબીના અવાજથી શરૂ થાય છે. અને ઘરની બધી જ વ્યકિતઓના દિવસની શરૂઆત પણ !! - ચા વ્હેલી મોડી થાય દૂધ બગડી જાય-ગેસ ખલાસ ! આવી તો ઘણી માથાકૂટ રસોડામાં થતી રહે છે.ચા નાસ્તાની વિધિ પતે ત્યાં સોથોસાથ સવારની રસોઈ વ્યવસ્થા.. કઈ દાળ ? શાક- ભાત ,આ માટે પણ નાગર બહેનોનું પાકુ ટાઈમટેબલ તૈયાર હોય છે. રવિવારે તુવેરની દાળ તો શુક્રવારે ચણા,શનિવારે અડદની પણ ખરેખર આ મેનું પણ માથાનો દુખાવો છે. ઘરમાં શાક કયું ને કેટલું છે ? પણ રસોઈ બનાવવાનું આ ઓપરેશન પણ નાગર બહેનો માટે ખુબ સહજ અને સહેલું લાગે છે. ખરેખર આ ઓપરેશન દેખાય છે તેટલું સહેલું નથી.. દાળ-ભાત 'ચડી ગયા'(પરીપકવ) , પાણી વધુ થઈ જાય , રહી જાય તો ભાતની મજા બગડી જાય, શાકનો વઘાર બરાબર ન થાય તો તેનો સ્વાદ ફરી જાય, રોટલી બનાવવી તે પણ એક કળા છે. આજે પણ ઘણા ઘરોમાં સવારની રોટલી સાંજે એવીને એવી કૂણી અને કદાચ વધુ સ્વાદિષ્ટ લાગે છે, જયારે અમુક ઘરની રોટલી સવારે ૧૦ વાગ્યે બની હોય તો પણ ૧૦:૩૦ વાગ્યે ચવ્વડલાગે આમ કેમ ? કણક બાંધવાની કળા, તેમાં ભેજ અને પાણીનું પ્રમાણ, ગેસનો તાપ વિ.અનેક બાબતોનું ધ્યાન એકસપર્ટ ગૃહિણી રાખે છે. રસોઈઘર સાથે જોડાયેલ આવી તો અનેક નાની નાની બાબતોનું જ્ઞાન અનુભવી વ્યકિત જ આપી શકે છે. ગૃહિણીની ખરી કસોટી તો ત્યારે થાય છે જયારે ઓફિસેથી સાંજે ફોન આવે કે આજે ત્રણ મિત્રો કે સગા સંબંધી જમવા

આવે છે. ભાઈને તો ખ્યાલ જ નથી હોતો કે ઘરમાં શુ જોઈશે? પણ અનુભવી ગૃહિણી રસોઈઘરમાં જે હોય તેમાંથી ઝડપથી થાળી તૈયાર કરી મહેમાનોને ખુશ કરી દે છ અને જશ ભાઈને જાય છે !! પણ ખરી વાહ વાહ 'કીચન મેનેજર'ની થવી જોઈએ...આ થયું ઓપરેશન મેનેજમેન્ટ.

સૌથી છેલ્લે રસોઈ ઘરની રખાવટ, જે ખુબ જ અગત્યનું છે. રસોડાની ચોખ્ખાઈ. ઘણા નાગર ઘરોમાં આજે જોવા મળે છે. રસોડાની ચોખ્ખાઈ ગૃહિણની ચોખ્ખાઈનું પ્રતિબિંબ કહી શકાય. ઠામ વાસણ બરણીઓની ગોઠવણી, રસોડાનું પ્લેટફોર્મ, ગેસ ચુલો વિ. વિ. જે રસોડામાં ચોખ્ખું અને વ્યવસ્થિત જોવા મળે તો તે ગૃહિણી વ્યવસ્થિત છે તેવું અનુમાન થઈ શકે.

આજે આ વિષયને થોડી હળવી શૈલીમાં રજુ કરવાનું કારણ એ જ કે આજની યુવાન યુવતીઓ કીચન મેનેજમેન્ટમાં નબળી પડતી દેખાય છે. તેના મુખ્ય કારણો લગ્ન સમય સુધી ભણતરનું ભારણ અગર નોકરી હોઈ શકે. પણ જે ઘરનો કીચન મેનેજર નબળો હોય તે ઘરમાં શરૂઆતમાં લખેલ વાકય લાંબા સમયે બદલાઈ શકે છે ! healthy ની જગ્યાએ sick, wealthyની જગ્યાએ poor અને happyની જગ્યા એ.......?

ખેર, નાગર જ્ઞાતિમાં આજે જે ચાલીસથી પચાસ વર્ષની ઉંમરની ૯૦% ગૃહિણીઓ એકસપર્ટ કીચન મેનેજર છે તેઓ આ નવયુવાન બહેનો માટે શોર્ટ ટર્મ કોર્ષ શરૂ કરે તો ? આપણા મંડળો, બહેનો, વડીલો વિચારે...હા, કીચન મેનેજમેન્ટ કોર્ષનું ઉપરોકત 'સીલેબસ' વિશેષ યુવા બહેનોને ઉપયોગી થશે..જેના આધારે ઘરમાં પોતે તેમાંથી કેટલા ગુણ સાથે સફળ થાવ છો તેનો અભ્યાસ કરશો અને નિષ્ણાત થવા આ વિષયે વડીલો સાથે ચર્ચા કરશો તો આ લેખનો હેતુ સાર્થક...!

– એક હાટકેશ

## જ્ઞાતિ સંસ્થા કે જ્ઞાતિજનોના લાભાર્થે અનોખી ઓફર !

સુજ્ઞ જ્ઞાતિજનો,

મારૂં પહેલું પુસ્તક 'વિરડો ઉલેચવો એટલે..' વાંચ્યુ તે લગભગ સહુએ આવકાર્યું. નિઃશુલ્ક વિતરીત કરી શકયાનો આનંદ પણ થયો.વાચકોના પ્રોત્સાહક પ્રતિભાવ બાદ ઘણાં વૈવિધ્ય સભર વિષયો, વાર્તા કે લેખ રૂપે ઉતરી આવ્યા છે. ભેટ આપવા જેવું, વાંચે તેને ગમી જ જાય તેવું સર્જન ઈશ્વર કૃપાએ જ થયું છે. જેના પ્રસાર માટે એક મૌલિક વિચાર યોજના સુઝી આવી છે... આ પુસ્તકના પ્રકાશનની આર્થિક જવાબદારી(માત્ર) આપણી કોઈ જ્ઞાતિ સંસ્થા ઉપાડી લે. મને-લેખકને-માત્ર ૫૦ પ્રત નિઃશુલ્ક આપવા ઉપરાંત, જે તે સંસ્થા નકકી કરે તેટલી પ્રત (પ્રથમ આવૃત્તિ રૂપે) જે તે સંસ્થાને કે કોઈ પરિવાર પોતાના આપ્તજનના સ્મરણાર્થે છપાવી ઉપલબ્ધ કરાવી દેવાય. સંસ્થા આ પુસ્તકને વિતરીત કરે કે યોગ્ય લાગે તે કીંમતે નકકી કરી વેચે...નફો ૧૦૦% જે સંસ્થાનો જ રહે. મારો લેખનશ્રમ સંસ્થા/વ્યકિતને અર્પણ ! પુસ્તકની નકકી થયા મુજબની પ્રત છપાવી ઉપલબ્ધ કરવાની જવાબદારી સ્વયં મારી – લેખકની – જ રહેશે.

**વધુ વિગત માટે સંપર્ક : યોગેશ જી. અવાશીયા, ૪૬ હરિ ૐ નગર, 'પ્રાર્થના' બોર તળાવ પાસે, ભાવનગર પરા-૩૬૪ ૦૦૩. ફોન : ૦૨૭૮-૨૪૪૮૯૨૧-મો. ૯૪૨૮૮૫૬૩૧૯**

(નોંધ : ૨૦મી ફેબ્રુઆરી ૨૦૧૪ સુધીમાં સંપર્ક કરવા વિનંતી)

**રત્નકણિકા :**

■ મહેનત એટલી શાંતિથી કરો કે કામયાબી ખૂદ જ શોર મચાવી દે.
■ બીજા તમને સુખી બનાવે તેની રાહ ન જોશો સુખ તમારે પોતેજ પોતાની જાતેજ પ્રાપ્ત કરવું પડશે.
■ સંસારની બધી સમસ્યાઓ અહ્‌મમાંથી પેદા થાય છે.
■ દરેક નિરાશાવાદી માનવી તક મુશ્કેલીશોધે છે, સફળ થવા માટે મુશ્કેલીમાં તક શોધવી જરૂરી
■ તેજ ગતિથી ચાલનાર ઘોડો બળદની માફક ભાર ખેંચે છે ! આવી રીતે ગુણવાન જનોમાં ગુણો પણ દૂષણ બની જાય છે.
■ સાત પગલા સાથે ચાલવાથી મૈત્રી થાય છે((સાવિત્રીએ યમરાજ સાથે ચાલીને આ સૂત્રને આધારે મૈત્રીનો દાવો કરી વરદાન માગ્યું હતું એમ કહેવાય છે.)
■ જંગલમાં રહવું તે બહેતર પણ અવિવેકી રાજાની નગરીમાં રહેવું સારૂ નહી, પ્રાણ ત્યજવા ભલા,પણ અધમ માણસ જોડે સંગતિ કરવી નહી.
■ આશાવાદી થાઓ, હતાશ બનશોનહી, સરસ શરૂઆત કર્યા પછી જો તમે હતાશ થાઓ તો તમે મૂર્ખ છો.
■ કોઈપણ અધીરો માણસ કદી પણ સફળતા મેળવી શકે નહી.

- રવીન્દ્ર નાણાવટી, રાજકોટ

આપણા વેદ શાસ્ત્રમાં 'શાતિમંત્ર' થોડો બોલવામાં અઘરો તથા પરંપરા મુજબ સંસ્કૃતમાં છે તેના ઉપરથી ગુજરાતી તળપદી ભાષામાં સામાન્ય માનવી ને પણ સમજાય તેવો એક શાંતિમંત્ર તે જ ઢાળમાં રચેલ છે આપણી વાણી જો વ્યવસ્થિત ઉચ્ચારો તો ઘરમાં, લતામાં, ગામ કે શહેરમાં રાજય માં કે દેશમાં અને એ રીતે સમગ્ર વિશ્વમાં શાતિ જળવાઈ રહે છે, અથવા ડહોળાઈ પણ શકે છે. ટુંકમાં વાણી એ જ શાંતિ માટેનું મુખ્ય પરિબળ છે...

**શાંતિ મંત્ર**

વાણીમાં શાંતિ, વર્તને શાંતિ, વિચારોમાં શાંતિ, મનની શાંતિ, ઘરમાં શાંતિ, સમાજે શાંતિ, શહેર માં શાંતિ, રાજયમાં શાંતિ, દેશમાં શાંતિ, વિદેશમાં શાંતિ, વિશ્વે શાંતિ, શાંતિ ઓમ શાંતિઃ


# ABM TRAVELS

**Honeymoon tours :**
Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives//Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui
Mountain Resort
Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh
**Wildlife Tours :**
Sasan Gir/Ranthanbore/Sarisca/Corbett/
Kaziranga/Kanha-Bandhavgarh/Madumalai
Bandipur/Coorg/Kabini
**Pilgrims :**
CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur
**Cruise tours :**
STAR cruise: MSC cruise Royal Caribbean : Coasta
**Booking of International destinations :**
SOTC # THOMAS COOK # COX & KING
STAR TOURS # NEEM Holidays # KESARI
**Avinash Mehta, Mumbai # 09820817318**
**abmtravels@gmail.com**